ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*સંસદ ગૃહો ઠપ્પ કરી, લોક હૈયે વસવું છે,*
*'વિકાસ'ની ચર્ચા છોડીને માંહે-માંયે ભસવું છે,*
*હસવું છે, ખાલીખોટું સંસદગૃહો ગજાવીને -*
*આ લાલીયાઓને મફતનું ચંદન ઘસવું છે...*
*(ભથ્થાં બમણાં થશે!!)*

હાઈકુ

*ખૂણે પડેલા -*
*વરિષ્ઠ મંડળને -*
*મળ્યું મેદાન...*
*(અસંતુષ્ટ કંપની)*

*ઉધારે લીધી,*
*ધોઈ નાખશે 'કીર્તિ'*
*ટાઢે પાણીએ...*
*('ચોકડી'નો પગ કુંડાળે...)*

## ચિંતન

**બૈલ ગઢન્તા નર ગઢા, ચૂકા સીંગ રમ પૂંછ, એક હિ ગુરુ કે નામ બિનુ, ધિક દાઢી ધિક મૂછ**

સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે કે, જે વ્યક્તિ સાહિત્ય, સંગીત કે કલામાં રૂચિ નથી રાખતી તે પૂંછડા વિનાના પશુ જેવી છે. તે મૃત્યુલોકમાં ભારરૂપ છે અને મનુષ્યનું રૂપ ધારણ કરી ચરતા મૃગ સમાન છે.

કબીરજી સુભાષિતની સરખામણી અને કલ્પનામાં ફેરફાર કરી કહે છે, ઈશ્વર જયારે બળદનું નિર્માણ કરતા હતા ત્યારે શીંગડા અને પૂંછડું ભૂલી જતા માણસ સ્વરુપે જન્મ તો થયો પણ સદ્‌ગુરુ દ્વારા જ્ઞાન પ્રાપ્ત ન થયું.

આવા પુરુષને દાઢી-મૂઢ હોય તો પણ તે ધિક્કારપાત્ર છે. જેનું અંતરમન જાગ્યું નથી તેનાં બાહ્ય પ્રતીકો અર્થહીન છે. અબુધ માણસને 'સાવ ઢોર જેવો છે.' એમ કહી ઉતારી પાડીએ છીએ, કારણ કે પશુ સામાન્ય રીતે આવેશવશ અથવા તો ભય અને તાલીમના કારણે ચોક્કસ પ્રકારે વર્તે છે.

માનવની માનવ તરીકે ફરજ છે કે હંમેશાં શાંતચિત્તે વિચાર કરી વિવેકપૂર્ણ વર્તન કરે.

ગુરુ નામ કે ગુરુમંત્ર આ કાર્યમાં ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

## સુવિચાર

- ડૂબી નહીં શકું, ભલે પાણીમાં તાણ છે...
  હિમ્મત છે, નાખુદા અને વિશ્વાસ વ્હાણ છે... - **અઝમ્ ટંકારવી**
- લોકોને જો તમે હસાવી શકો તો એ જ લોકો
  તમારી ગાળો પણ હસતાં હસતાં સાંભળી લેશે - **કોરિયન કહેવત**
- બૌદ્ધિક વિદ્વતા એ કંઈ જ્ઞાન નથી - **સોક્રેટિસ**
- જે જ્ઞાન આચરણમાં પ્રગટ નથી થતું તે જ્ઞાન કેવળ એક બોજારુપ બની રહેશે - **એસ. ભટ્ટાચાર્ય**
- અલ્પ સ્વતંત્રતા બંધિયારપણું લાવશે... અતિશય સ્વાતંત્રતાપણું અંધાધૂંધી લાવશે - **સરદાર પટેલ**
- સાચા સુખની કિંમત સમજાવવામાં જીંદગીનાં તોફાનો
  અને ઝંઝાવાતોનો ફાળો ખૂબ મોટો હોય છે - **લેટિન કહેવત**
- આજનું ઔષધ : ગાયના ઘીનો શીરો ખાવાથી પ્રસૂતા સ્ત્રીને કોઈ રોગ થતો નથી

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

આજકાલના નેતાઓ વિમાન, (ચાર્ટર) કે ખાસ હેલિકોપ્ટર સિવાય યાત્રા-પ્રવાસ કરતા જ નથી. ટ્રેન તો તેમના માટે તુચ્છ સાધન છે. વળી વીઆઈપી નેતા જયારે ટ્રેનમાં કે ખાસ સ્થળે-ટ્રેન કે જેલમાં પણ ફરજ બજાવતા કર્મચારીઓ તેમની ખાસ સેવા માટે ઉત્સુક - તત્પર રહે છે. બીજાના અવગણતના કરીને પણ...

એક ચોમાસામાં ગાંધીજી 'થર્ડ કલાસ'માં મુસાફરી કરી રહ્યા હતા. થર્ડ કલાસ એટલે એ વખતનો સાવ થર્ડ કલાસ - આખા ડબ્બામાં ઉપરથી આજુબાજુમાંથી પાણી આવતું હતું. બાપુ લગભગ ભીંજાઈ ગયા હતા.

એટેન્ડન્ટ આવ્યો અને કહ્યું, 'બાપુ, ચાલો હું આપને બીજા ડબ્બામાં સારી જગ્યાએ બેસાડી આવું.'

ગાંધીજીએ કહ્યું, ભાઈ! હું એકલો એ સારી જગ્યા પર બેસીને પણ મારી સાથે આ બધા પ્રવાસીઓ તો ભીંજાશે જ ને? મારી જગ્યાએ બેસનારનું પણ એ જ થશે. માટે મારી ચિંતા ન કરો. હું અહીં જ બેસીસ!

એટેન્ડન્ટ ફરી વિનય બતાવ્યો, બાપુ! મારે લાયક કંઈ પણ સેવા હોય તો કહેજો, હું તરત હાજર થઈશ!

ગાંધીજી કહે - ભાઈ! તારી ફરજ આ ટ્રેનમાં પ્રવાસીની સુવિધા સાચવવાનું છે, એ ફરજ નિષ્ઠાપૂર્વક બજાવ એમાં જ મારી સેવા છે.'

## દલા તરવાડીના રાજકીય વારસદારો

### તંત્રીસ્થાનેથી....

મહાત્મા ગાંધીએ છેક ૧૯૦૮માં લખેલ વિચારપૂર્ણ પુસ્તિકા 'હિંદ સ્વરાજ'માં પાર્લામેન્ટ માટે 'વેશ્યા' જેવી ઉપમા જોઈને કોઈ પણ નાગરિકનો જીવ દુભાય. પરંતુ ગાંધીજી જીવ્યાં ત્યાં સુધી એમને વ્યક્ત કરેલા વિચારોને વળગી રહ્યા હતા. આજે આઝાદીનાં અડસઠ વર્ષ વર્ષ પૂરાં થયા પછી આપણને પણ રાષ્ટ્રપિતાના શબ્દોમાં સમાયેલો અર્થ ન સમજાય તો એથી મોટી કમનસીબી બીજી કઈ હોઈ શકે? સંસદ એ રાષ્ટ્રનું હૃદય છે. એમાં વિરાજતા સંસદસભ્યોને દેશની પ્રજા કેટલા વિશ્વાસથી અને કેટકેટલી અપેક્ષાઓ સાથે ચૂંટી મોકલતી હોય છે! એ સાંસદોમાંથી જ સરકાર બને છે, જેના હાથમાં દેશનું ભવિષ્ય સોંપી દઈ પ્રજા નિરાંતે જીવવાનાં સપનાં સેવતી રહે છે. પરંતુ શું સાંસદો પ્રજા પ્રત્યની વફાદારી નિભાવે છે ખરાં? ૧૯૫૨ની પ્રથમ સામાન્ય ચૂંટણીથી ૨૦૧૪ ની છેલ્લી સામાન્ય ચૂંટણી સુધીનો એમનો રેકોર્ડ તપાસવામાં આવે તો નરી નિરાશા જ હાથ લાગશે. સાંસદો પ્રજા કરતાં એમની પાર્ટીને વધારે વફાદાર રહેવાની ફિરાકમાં રહે છે. એમને મન પ્રજાના પ્રશ્નો કે એના કલ્યાણ કરતાં 'હાઈ કમાંડ'ની આજ્ઞા વધારે મહ્ત્ત્વની બની રહે છે. ડૉ. મનમોહનસિંહની સરકાર હોય કે નરેન્દ્ર મોદીની - આ વલણમાં કશો જ ફરક પડ્યો નથી. સંસદસત્રમાં સંપૂર્ણ હાજરી આપી પોતપોતાના વિસ્તારના પ્રશ્નોને વાચા આપવાને બદલે પાર્ટીના આદેશને અનુસરી સંસદ ચાલવા જ નહીં દેવાના કાર્યક્રમમાં વ્યસ્ત રહેતા સાંસદોને સ્પીકર કે રાજયસભાના અધ્યક્ષના આદેશની અવગણના કરી વેલમાં ધસી જતા જોવા, સૂત્રોચ્ચારો અને ગલીચ ભાષા વાપરતા જોવા એ ખરે જ અત્યંત દુખદ બાબત છે. પરંતુ દેશનો મતદાતા લાચાર છે. કરોડોનું આંધણ કરીને સંસદનું સત્ર કશી જ કામગીરી કે ચર્ચા વગર સમાપ્ત થઈ જતું જોઈએ છીએ ત્યારે રાષ્ટ્રપિતાની પેલી ગેરબંધારણીય કક્ષાની ટીકા કેટલી સાચી હતી, એનો અહેસાસ થયા વગર રહેતો નથી. પરંતુ આ જ સાંસદો જયારે જયારે એમનાં પોતાના હિતોની વાત આવે ત્યારે ડાહ્યા ડમરા થઈ જઈ એકી અવાજે એ દરખાસ્ત મંજૂર કરી દી છે! એ વખતે કોઈ માઈનો લાલ 'મારે પગાર વધારો નથી જોઈતો' એટલું નિવેદન કરવા તૈયાર નથી હોતો. સાંસદોને પગાર મળવો જોઈએ, ભથ્થાં પણ મળવાં જોઈએ અને સગવડો પણ મળવી જોઈએ - એની સામે વાંધો ન હોઈ શકે. પરંતુ છાશવારે પગારવધારો એ તે કયાંનો ન્યાય છે? સાંસદોના પગારને બારોબાર બમણો કરી દેવાની દરખાસ્ત એ પ્રજાની ક્રૂર મશ્કરી નથી તો બીજું શું છે? હવે પછી દરેક સાંસદ મહિને અઢી લાખ જેવી માતબર રકમ મેળવશે! ભલે પછી પ્રજાના કામના નામે મીંડું જ કેમ ન વળે! દલા તરવાડીના આ રાજકીય વારસોને 'રુક જાઓ' કહેવા માટે ગાંધીજીએ બીજો અવતાર લેવો પડશે કે શું? શું આ મુદ્દે સર્વોચ્ચ અદાલતે હસ્તક્ષેપ ન કરવો જોઈએ?

## જંગલોને ગરમી લાગે છે...

એક સંશોધનાત્મક અભ્યાસ મુજબ વર્ષ ૧૯૯૦થી વિશ્વના વનો હરિયાળામાંથી તપખીરીયા (કથ્થાઈ) રંગના થઈ રહ્યા છે. જંગલોમાં હરિત કે લીલા જોવા મળતાં વૃક્ષના પર્ણો અગાઉના સમયમાં જેટલો સમય લીલા રહેતાં હતાં તેના કરતાં ઓછા સમયગાળામાં સુકાઈને તેના કરતાં ઓછા સમયગાળામાં સુકાઈને તપખીરીયા રંગના થઈને ખરી રહ્યા છે. અંગ્રેજીમાં વૈજ્ઞાનિકો તેને બ્રાઉનીંગ (Browning) કહે છે. તેની પાછળનું મુખ્ય કારણ છે વૈશ્વિક તાપમાનમાં વધારો (Global warming).

પૃથ્વી પરથી પરાવર્તિત થતાં સૂર્યના કિરણોની માપણી આપણા દ્વારા છોડેલા ઉપગ્રહોની મદદથી કરવામાં આવે છે ત્યારે તેની તીવ્રતા, પ્રકાશીતતા અને રંગોની અલગ-અલગ ભાત જોવા મળે છે. વિશ્વમાં જયાં હરિયાળા વનો છે તે ભાગ લીલો છે અને પ્રકાશ સંશ્લેષણની વધુ ક્રિયા થતો જોવા મળે છે. જયારે લીલાપર્ણો વગરની વનસ્પતિ ધરાવતાં જંગલો કે જે પાનખર દરમિયાન હોય છે તેવા ભાગ તપખીરીયા રંગના અને ઓછી પ્રકાશ સંશ્લેષણની ક્રિયા કરતાં જોવા મળે છે. બીજી ભાષામાં પ્રાણવાયુનું ઉત્પાદન ઘટી રહ્યું છે.

વિશ્વના ૫ ખંડોમાં કટીબંધીય પર્વતીય વિસ્તારોના દરિયાની સપાટીથી ૧૦૦૦ થી ૬૦૦૦ મીટરની ઊંચાઈએ આવેલા ૪૭ જેટલા રક્ષિત વિસ્તારોનો ૫૦૦૦ ચોરસ કિલોમીટર જેટલો વિસ્તારોની આ પ્રકારના અભ્યાસ માટે પસંદગી કરવામાં આવી. આવા વિસ્તારો વિશ્વના જૈવ વિવિધતા ધરાવતાં ઉષ્મિત સ્થાનો (Biological hotspot) છે. પ્રકાશ સંશ્લેષણની ક્રિયા પર વરસાદ અને ઉષ્ણતામાનની શું અસરો થાય છે? તેનો અભ્યાસ આ દરમિયાન કરવામાં આવ્યો. વાતાવરણમાં ઉષ્ણતામાનનો વધારો અને બાષ્પોસર્જનનો વધારો થાય છે ત્યારે વનસ્પતિમાં/વનોમાં હરિયાળી જોવા મળે છે.



તેનાથી વિપરીત વાતાવરણમાં તાપમાનનો વધારો થાય છે અને ભેજનું પ્રમાણ ઘટે છે ત્યારે વનો તપખીરીયા રંગના થઈ જાય છે અને તે ગાળામાં પ્રકાશ સંશ્લેષણનું પ્રમાણ ઘટી જાય છે. વનો સૂકાઈ જાય છે.




ગ્લોબલ વોર્મિંગને કારણે હવે સંતુલિત કે નિયત તાપમાનના વધારામાં બદલાવ થતો જોવા મળે છે જેના કારણે હવે વિશ્વના ઘણાં ભાગોમાં વરસાદનો કોઈ ચોક્કસ ઝોક કે નિયમિતતા જોવા મળતી નથી. એક તરફ તાપમાનમાં વધારો થાય છે તેની સામે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતું નથી તેના કારણે લીલાપર્ણો સુકાઈ જવાથી પ્રકાશ સંશ્લેષણની ક્રિયામાં ઘટાડો જોવા મળે છે. આ પ્રકારની સ્થિતિને ભેજ તણાવ (moisture stress) કહેવામાં આવે છે.

અશોકા ટ્રસ્ટ ફોર રીસર્ચ ઈન ઈકોલોજી એન્ડ એન્વાયરમેન્ટ, બેંગ્લોરના વૈજ્ઞાનિક જગદીશ ક્રિષ્ણા સ્વામી દ્વારા વર્ષ ૧૯૮૨ થી ૨૦૦૬ દરમિયાન આ બાબતે સંશોધનાત્મક અભ્યાસો હાથ ધરવામાં આવ્યા તે દરમિયાન પૃથ્વી પરના વનોનું ગ્રીનીંગ (Greening) માં ઘટાડો અને બ્રાઉનીંગ (Browning) માં વધારો જોવા મળ્યો છે. આ સ્થિતિમાં પરિણામે સમશીતોષ્ણ અને પર્વતીય ભાગોના વનો પર વધતાં તાપમાનની આડ અસર સ્વરુપે વનસ્પતિમાં દેહ ધાર્મિક બદલાવ, સ્થાનીય વિતરણમાં બદલાવ અને ફળો-ફુલોના ઉગવાના સમયમાં બદલાવ જોવા મળી શકે છે. તેના પરિણામે વનોના પ્રકાર, પ્રચુરતા અને વિવિધતામાં મોટા પ્રમાણમાં ફેરફારો થનાર છે.

એક અભ્યાસ મુજબ છેલ્લા ૧૦ વર્ષમાં તાપમાનમાં વધારાને કારણે પર્વતીય ક્ષેત્રોમાં થતાં આલ્પાઈનના વૃક્ષોનો ફેલાવનો ૦ થી ૪ મીટર ઊંચાઈ તરફ ખસી રહ્યો છે. આવા જ કારણોસર વનોનો મોટા પ્રમાણમાં વિનાશ થશે, જંગલની આગનું પ્રમાણ વધરે, હાનિકારક કીટકોની વૃદ્ધિ થશે અને ફેલાવો વધશે. તેની વિપરીત અસરો સમગ્ર પ્રાણીસૃષ્ટિ પર પણ થતી જોવા મળશે. આપણે સહુએ સમયસર જાગવું પડશે નહીંતર તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે.

## રિવ્યુ નહિ પણ પ્રિવ્યુ... : વેલકમ ૨૦૧૬...!!!

હજુ તો ૨૦૧૬ના પગલા મંડાય એ પહેલા તો આઝાદ સાવ ''આઝાદ'' થઈ ગયા... શું ૨૦૧૬માં બીજા કેટલાક ઈન્કલુડીન્ગ 'શત્રુ' સહિતના બીજા પણ ખામોશ થઈ જશે...?...કાર દારુ પી ગયેલી કે પછી એની મેળે મેળે ફૂટપાથ પર ચડીને લોકોને રહેસી નાખ્યા એવા બચ્ચન પ્રશ્નોના જવાબ આપ્યા વગર ભાઈ શ્રી સલ્લુભાય તો બેદાગ થઈ ગયા પણ શું ચિંકારાએ પણ પોતાની મેળે જ આપઘાત કરેલો એવું સાબિત કરી શકશે...? કે પછી ''તુલસી હાય ગરીબ કી...''ના નાતે તુલસી હાય ચિંકારાની સલ્લુભાયને કાળ કોટડીના સળિયા ગણતા કરી દેશે...?... શું મુંબઈના સહારા કે દિલ્હીના ઈન્દિરા ગાંધી એરપોર્ટ પર એક દિવસ એવો બી આવશે કે સીબીઆઈના ઘેરામાં 'ડોન' જોવા મળશે...??...વિરાટના વિરાટ પ્રહારોથી બચવા ૨૦૧૬માં ધોની ભૈયાએ કેટલા હેલીકોપ્ટર શોટ રમવા પડશે...? શું ૨૦૧૬નાં અંત આવતા આવતા આમીર પ્રત્યે લોકો સહિષ્ણું થઈ જશે કે પાછુ ફરી એકવાર આવતા ડીસેમ્બરમાં એક નવું 'દંગલ' થશે? કે આનો જવાબ પણ આમીર કિરણને પૂછીને કહેશે..? હું નોઝ્ઝ્ઝ્ઝ!!...સવાલે બહોત હૈ... ઢગલાબંધ હૈ...જથ્થાબંધ હૈ... ઔર ફિલહાલ...અભી...ઈસ વક્ત જવાબ સિર્ફ એક હી ચ હૈ... વેઈટ ફોર ટુ થાઉંઝંડ સિક્સટીન ટુ રોલ !!... દો હજાર સોલાહ મેં આપ સભી કા સ્વાગત હૈ....!!!

કહેવાય છે ને કે ગઈ તિથિ તો ગોર મહારાજ પણ નથી વાંચતા, ને આમેય ૨૦૧૫ તો હવે ગશું ભાયા અને બધાને ખબર છે કે એક આખ્ખે આખ્ખા વરહમાં શું ઉકાળ્શું...જોશું....અનુભવશું...જૂની યાદો હોય તો વાગોળવાની મજા પડે પણ સાથે સાથે જુના જખ્મો પણ ઉખળે એનું શું?! એટલે બીત ગઈ સો બાત ગઈની કિતાબ ફેંકીને આવો વાંચીએ ૨૦૧૬ની અનપબ્લીશ બુકમાં કદાચ પ્રિન્ટ થાય એવા થોડા કિસ્સાઓ... કહાનીઓ...!! શરૂઆત ઓબ્વીય્સ્લી પોલીટીક્સથી જ કરીએ. લેખની શરૂઆત જ જે રાજકીય ધમાલથી કરી છે એ આઝાદ અને જેટલી વાળું ચલકચલાણું હજુ વધુ જોર પકડવાનું કેમકે આ લડાઈ ભ્રષ્ટાચાર કરતા પણ પર્સનલ વધુ છે અને એ જેના નામે લડાય છે એ ડીડીસીએના અંગત સ્વાર્થો જ મૂળ મુદ્દો છે.




ભાજપ અને મોદી માટે માથાનો દુખાવો એ છે કે વારેવારે શિવસેના, આઝાદ, શત્રુ, સ્વામી અને બીજા લોકો પાર્ટી લાઈનથી બહારની બાજુ બુમરાણો મચાવતા થયા છે. વડાપ્રધાન મૌન છે કે મજબુર છે એ તો તેઓ 'મન કી બાત' કરે ત્યારે ખબર પડે પણ શિસ્ત માટે જાણીતી બીજેપીની આંતરિક જૂથબંધી દિવસે દિવસે ખુલ્લી પડતી જાય છે અને ૨૦૧૬માં એને કાબુમાં લેવું રાજનાથ-અમિત શાહ અને મોદી માટે મોસ્ટ ઈમ્પો કામ હશે હશે ને હશે જ. આ કામ એટલા માટે પણ પ્રાયોરીટી પર હશે કેમકે ૨૦૧૬માં બીજેપીએ કેરળ, આસામ, બંગાળ, અને તામીલનાડુમાં ચૂંટણીનો મુકાબલો કરવાનો છે. હજુ બિહારની કળ વળી નથી ત્યાં આવનારા છએક મહિનામાં સત્તાના આ સંગ્રામમાં મોદી-બીજેપી અને એનડીએની આબરૂ દાવ પર લાગવાની છે અને મમતા, જયલલિતા એ પહેલા મોદીએ વિશ્વનેતા બનવાના મિશનને રોક્યા વગર આ આંતરિક ડખ્ખા-ડખ્ખી પર ચાપતી નજર રાખવી પડશે. જો કે ચપટી નજર તો આનંદીબહેને ગુજરાતમાં પણ રાખવી પડશે. પાટીદારો નારાજગીનો તાજ્જો જ અનુભવ થયા પછી ૨૦૧૬મા બહેને પાટીદારોને ખુશ અને કોંગ્રેસને પબ્લિકથી દુર 'પુશ' કરવા પર ધ્યાન આપવું પડશે નહિતર ૨૦૧૬ પછી ૨૦૧૭ આવતા વાર નહિ લાગે!! અરે ભાય ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવશે ને....!!!

બળ્શું આ પાલીટીક્સ...હેંડો બીજી વાત કરીએ..!!! અને ભારતમાં અધર ધેન પોલીટીક્સ બીજી વાત એટલે ક્યા તો બોલીવુડ ને ક્યા તો ક્રિકેટ...!!! ક્રિકેટની વાત આવે તો ૨૦૧૬ વિરાટ અને ધોની બંને માટે મહા અગત્યનું છે, ખાસ કરીને ધોની માટે. આફ્રિકાની હાર હજુ તાજ્જી જ છે અને બીજું કોઈ વિરાટ નુકશાન થાય એ પહેલા ધોની પાસે જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલીયામાં એનો માહી ટચ દેખાડવાનો લાસ્ટ ચાન્સ કહી શકાય, લાસ્ટ એટલા માટે કે એક તો ટીમમાં ઓલ ઈઝ વેલ તો નથી જ. (..કર્ટસી : શાસ્ત્રી-વિરાટની જુગલબંદી ) અને બીજું અનુરાગ ઠાકુરનું એ બયાન કે '' ધોની ટી-૨૦ વર્લ્ડકપ સુધી તો ભારતના કપ્તાન રહેશે જ ''મતલબ ફેબ્રુઆરીમાં (કદાચ) રમાનારી શ્રીલંકા સામેની વનડે સીરીઝ અને માર્ચ શરૂઆતમાં બાંગ્લાદેશમાં રમાનારા એશિયા કપની સાથે સાથે માર્ચમાં ઘરઆંગણે રમાનાર ટી-૨૦ વર્લ્ડકપ ના પરિણામો પર ધોનીનું ભવિષ્ય ચોક્કસપણે નિર્ભર રહેશે જ અને ડોન્ટ ફરગેટ કે વી જસ્ટ લોસ્ટ ટી-૨૦ ગેઈમ્સ અગેન્સ્ટ આફ્રિકા.... ને લટકામાં ઈન્ડીયાના ગ્રુપમાં ઓસીઝ અને પાકીઝ પણ છે! કરારી ટક્કર હોગી...!!! ૨૦૧૬મા પાકિસ્તાન-ભારતના હાઈવોલ્ટેજ મેચવાળી સીરીઝ રમાશે કે નહિ એ તો નવાઝ અને મોદી જાણે પણ ૧૯ માર્ચને શનિવારે ધર્મશાળાના મેદાન પર ભારત-પાકનો ટી-૨૦ વર્લ્ડકપનો એક મુકાબલો તો ૨૦૧૬માં ચોક્કસ જોવા મળશે જ...!!!

૨૦૧૬માં સહિષ્ણુંતા કે અ-સહિષ્ણુંતા બીજે ક્યાય દેખાય કે નાં દેખાય પણ બોલીવુડમાં ચોક્કસ દેખાવાની. દિલવાલે શાહરૂખ તો જાહેરમાં કબુલી જ ચુક્યો છે કે એની અસહિષ્ણુતાવાળી રીમાર્કસે દીલવાલેના બોક્સઓફિસ કલેકશનના માર્ક્સમાં ઘટાડો કરી મેલ્યો ને પરિણામે બાજીરાવ બાજી મારી ગયો (જો કે આ બાજીરાવવાળું શાહરૂખે નથી કબુલ્શું...લોલ્ઝ્ઝ). જો કે હજુ આમીરને 'દંગલ' માં શું અનુભવ થાય છે એ જોવું રસપ્રદ રહેશે...પણ હજુ એને બહુ વાર છે ત્યાં સુધીમાં તો વજીર (બચ્ચન-ફરહાન અખ્તર), એરલીફ્ટ (અક્ષય), જય ગંગાજલ (પ્રિયંકા), ફેન અને રઈસ (શાહરૂખ), સુલતાન (સલમાન), શિવાય (અજય દેવગણ) જેવી અનેક ફિલ્મો વચ્ચે આવી જવાની... ટીલ ધેન ભલે આમીર 'ઓ તેરી' કર્યા કરે !! ખબર નહિ કઈ મજબુરીએ એસઆરકે અને એસકેને બિગબોસના સેટ પર ભેગા કર્યા હશે પણ જો ચિંકારાવાળું પણ લેન્ડ-ક્રુઝરની જેમ સમુસુતરું પાર ઉત્તર્યું (કે ઉતારવામાં આવ્યું) તો ભાઈના ચાહકો આ વર્ષે ભાયને પરણતા જોઈ શકશે એવા વાવડ અને હૈયાધારણ છે. જો કે આ હૈયાધારણ ચાહકોને દર વર્ષે હોય જ છે.

૨૦૧૬માં દાઉદ પણ રાજનનો કોટડી-પાડોશી બનશે કે નહિ એ તો ખબર નથી પણ અમુક ચીજો ચોક્કસ થવાની છે જેમકે રીઝર્વ બેન્કનો નવો બેઝ રેટ આવશે કે જેનાથી લોન લેવી સરળ અને પારદર્શી બનશે...જાન્યુઆરીમાં સાતમું પગાર પંચ લાગુ પડશે એટલે બીજા કોઈના આવે કે નાં આવે પણ સરકારી કર્મચારીઓના તો 'અચ્છે દિન' આવશે જ... બિહારમાં એક એપ્રિલથી દારૂબંધી લાગુ પડશે... ૨૦૧૬મા પણ પ્રધાનમંત્રી ઓફિશિયલ વિદેશ દૌરા કરતા રહેવાના છે - જાન્યુઆરીમાં સ્વીત્ઝર્લેન્ડ, સપ્ટેમ્બરમાં ચાઈનાને એ ઉપરાંત પાકિસ્તાનમાં પણ આ લીસ્ટમાં સામેલ છે...અને અંતે કદાચ ૨૦૧૬માં જ આપણને સૌને ખબર પડી જશે કે ''કટપ્પા ને બાહુબલી કો કયું મારા...?''!!! ટીલ ધેન હેવ એ હેપ્પી ૨૦૧૬...!!!

**વિસામો :** ૨૦ વર્ષ પહેલા મૃત્યુ પામેલી પામેલી બલ્ગેરિયન અંધ મહિલા ભવિષ્ય વેતા બાબા વેગાની વર્ષો પહેલાની આગાહી સાચી માનીએ તો ૨૦૧૬ માં જ 'ઈસ્લામિક યુદ્ધ' ની શરૂઆત થશે અને ૨૦૪૩ સુધીમાં દુનિયાનો નાશ થશે... હરિઓમ!!

- akurjt@gmail.com

## હું અધ્યક્ષ થયો...
### (સો ટકા સત્ય ઘટનાનો હાસ્યલેખ)

એક દિવસ એક 'કવિ' મિત્રનો ફોન આવેલો કે ગાંધીનગરની બાજુમાં એક ગામ છે. જ્યા દસ દિવસનો એક સાહિત્યનો સેમિનાર યોજાય છે. એમાં એક દિવસ તમારે અધ્યક્ષ તરીકે વ્યાખ્યાન આપવા અને પુસ્તકમેળાનું ઉદઘાટન કરવા આવવાનું છે. શનીવાર અને રજાનો દિવસ હોવાથી મેં હા કહી. વ્યાખ્યાનના આગલે જ દિવસે કવિ મિત્રનો ફરી ફોન આવ્યો કે કાલે સવારે ૧૦ વાગ્યે આપણે જવાનું છે. તમને ડ્રાઈવિંગ ફાવે છે ને ? 'મેં કક્યું, કે મને ડ્રાઈવર તરીકે લઈ જવાનો છે કે અધ્યક્ષ તરીકે? પછી એ મિત્રએ બીજા કોઈ ડ્રાઈવરની વ્યવસ્થા કરી મને કોઈપણ સંજોગોમાં સ્કૂલ સુધી પહોંચાડ્યો. અત્યાર સુધી મને કશી જ ખબર નહોતી કે મારે કંઈ સંસ્થામાં જવાનું છે શેનો સેમિનાર છે. અને મારે ક્યાં વિષય પર બોલવાનું છે? વગેરે...

મને દહેગામ લઈ જવામાં આવ્યો ત્યાંની એક શૈક્ષણિક સંસ્થા અને નેશનલ બૂક ટ્રસ્ટ-નવી દિલ્હીની આર્થિક સહાયથી દસ દિવસનો કાર્યક્રમ હતો. જેમાં મારી અગાઉ ત્રણેક જાણીતા સાહિત્યકારો શહીદ થઈ ગયેલા. હવે મને લેવા આવનાર 'કવિ' મિત્રના હાથે ફેકચર થયેલું હોવાથી ફેકચરવાળો હાથ ગળામાં પટ્ટો ભરાવીને સ્ટેન્ડબાય રાખેલો. અને નીચે બાય વિનાનું લૂઝ ટી-શર્ટ પહેરેલું. અમે દહેગામ સ્કૂલમાં ઉલ્લાસભેર પ્રવેશ્યા. ડ્રાઈવર પણ ગાડી પાર્ક કરીને આવ્યો. એક નાના એવા ભોંયરા જેવા દેખાતા ઓરડામાં મને લઈ જવાયો. બહાર કમ્પાઉન્ડમાં ચાર પાંચ નાના સ્ટોલ ઉભા કરેલા જેમાં દરેકમાં આઠ-દસ પુસ્તકો અને મોટેભાગે એ પણ પાઠ્યપુસ્તકો. આ પુસ્તકો ખરીદવા માટે છે કે જોવા માટે એ નક્કી થતું નહોતું. 'કવિ' મિત્રએ મને કહ્યું '' તમારું ''પ્રેમપત્ર'' પુસ્તક અને બીજા પુસ્તકો પણ આ પ્રદર્શનમાં જે અને 'પ્રેમપત્ર' તો ખુબ વેચાયું છે. હવે હું તો આશ્ચર્યમાં પડી ગયો કે મારું ''પ્રેમપત્ર'' પુસ્તક તો હજી છપાયું જ નથી મેં એની માત્ર જાહેરાત જ ફેસબૂક પર કરી છે. તો અહી આવ્યું કંઈ રીતે ? ત્યાં તો ઝભ્ભા લેંઘામાં સજ્જ એક સજ્જન આવ્યા. તેઓ આ સંસ્થાના પ્રમુખશ્રી હતા. 'કવિ'મિત્રએ મારો અપગ્રેડ કરેલો વર્ષ - ૨૦૪૦ નો બાયોડેટા મૌખિક રીતે રજુ કર્યો. પ્રમુખશ્રી તો મારી તરફ અહોભાવથી જોઈ રહ્યા. ત્યાં બીજા એક સજ્જન ડાયરેક્ટરશ્રી આવી પહોંચ્યા. પાછળથી નીચે પડેલા બેનર લઈ ગયા. અને કવિમિત્રને કંઈક ઈશારો પણ કરતા ગયા. જે હૉલમાં મારું વ્યાખ્યાન હતું ત્યા કોઈ ઓડિયન્સ તો હતું નહી. કવિએ કહેલું કે દહેગામની કૉલેજના, બીએડ તથા પી.ટી.સી.ના વિદ્યાર્થીઓ, - સ્ટાફ બધો આવશે પરંતુ મેં ગૂફા જેવા રૂમમાંથી બહાર જોયું તો આયોજક રસ્તે નીકળતા નાના નાના છોકરાઓને પરાણે ધમકાવીને હૉલમાં બેસાડતા હતા. બીજા બેચાર વ્યવસ્થાપકો આગળની હરોળમાં બેસી ગયા હતા. પછી સજાવી ધજાવીને બકરાને હલાલ કરવા લઈ જાય એમ મને હૉલમાં લઈ જવામાં આવ્યો. કેટરિંગમાં વપરાતા બે લાંબા ટેબલ પર થોડા સમય પહેલા ગામમાં થયેલી ચૂંટણીના બેનરને ઉલ્ટાવીને લગાવી દીધુ હતું. અને લગ્નમંડપમાં વપરાતી કે રાજ્યપાલના પ્રોગ્રામમાં પ્રોટોકોલ મુજબ વપરાતી લાલ રંગની ચકચકીત ત્રણ ખુરશી. અને તેની આજુબાજુ બીજી બે બે પ્લાસ્ટીકની ખુરશીઓ ગોઠવેલી. મને લાલ ખુરશીમાં વચ્ચે બેસાડ્યો. મારી બાજું બાય વિનાના ટી-શર્ટ પહેરેલા અને ભાંગેલા હાથવાળા કવિ મિત્ર મલકાતા બેઠા મેં તેમના તરફ ધ્યાનથી જોયું તો લાગ્યું કે કદાચ તેઓ સવારે ઉઠીને બ્રશ કે ન્હાયા વિના સીધા જ આવી ગયા હશે. એવું લાગ્યું. ત્યાં સંસ્થાના પ્રમુખશ્રીનું ધ્યાન અમારા ડ્રાઈવર તરફ ગયું તેણે એકદમ વ્યવસ્થિત કપડા પહેરેલા હોવાથી આયોજકોને એમ કે એ પણ સાહિત્યકાર હશે. તેથી ખુબ આગ્રહ કરીને ડ્રાઈવરને પણ મારી બીજી તરફની લાલ ખુરશી પર બેસાડી દેવામાં આવ્યો બાકીની પ્લાસ્ટીકની ખુરશીઓ પર પ્રમુખ, મંત્રી, વગેરે ગોઠવાયા, કાર્યક્રમ શરું થયો. ફૂલના ગૂચ્છોથી અમારું સન્માન થયું. ત્રણ એંગલોથી ફોટા એવી રીતે લેવાતા હતા કે જાણે સુપ્રિમ કોર્ટમાં પુરાવા તરીકે રજુ કરવાના હોય. સામે બેઠેલા માંથી કદાચ કોઈને ખબર નહોતી કે અહી શું ચાલી રહ્યું છે ? નાના નાના છોકરાઓ મને મુગ્ધતાથી જોઈ રહ્યા હતા. મેં મારી પાછળ જોયું તો દીવાલ પર બે બેનરો એકબીજાની ઉપર આડા અવળા ટીંગાડી દેવામાં આવ્યા હતા. વિડીઓગ્રાફી વાળો ફ્લેશ લાઈટ વિના કેમેરો સતત મારી સ્થિર કરીને ઉભો હતો. એ ખરેખર શુટિંગ કરતો હતો કે દેખાવ એ કળવું મુશ્કેલ હતું. થોડી વારમાં પ્રમુખશ્રી ઉભા થઈ માઈક હાથમાં લઈને બોલ્યા. '' મિત્રો, આપ જાણો છો કે સાહિત્ય ને પુસ્તકના આ મહાયજ્ઞમાં અમે રોજ નવા નવા સર્જકોની આહૂતિઓ આપીને તમારું જ્ઞાન વધારીએ છીએ. (મારું ધ્યાન ઓડિયન્સમાં હતું. એક ગોબરો છોકરો પોતાની આંગળી નાકમાં ભરાવી પછી ખુરશી નીચે લઈ જતો હતો) આજે પણ એક ખુબ જ મોટા સાહિત્યકાર આપણી વચ્ચે ઉપસ્થિત થયા છે.તેમનો પરિચય 'કવિશ્રી' આપશે.




તરત જ પોતાનું નામ સાંભળતા કવિ મિત્રના ચેતાતંત્રની સ્વીચ ઓન થઈ. તેમણે સાવ ગરીબ અને ભૂખ્યો માણસ દુધપાકનો વાટકો હાથમાં લે તેમ માઈક હાથમાં લીધું અને મારો પરિચય આપવાનું શરું કર્યું ''મિત્રો, આજે આપણી વચ્ચે એક એવી ભવ્ય પ્રતિમા છે કે જેમનો પરિચય આપવો એ મારા ગજાની બહારની વાત છે. ડૉ. કનૈયાલાલ ભટ્ટ પીએચ.ડીની સાથે બીજી કેટલીયે ડીગ્રીઓ ધરાવે છે. તેઓ વિશ્વવિખ્યાત સર્જક છે. (મને થયું કે હમણા એમ ના કહે તો સારું કે તેઓ સોક્રેટિસ કે શેક્સપિયર કરતાં ય મહાન સર્જક છે.) તેમણે અનેક નવલકથાઓ લખી છે. અનેક વાર્તાસંગ્રહો, નાટક સંગ્રહો પ્રકાશિત કર્યા છે. અને કવિતાની તો વાત જ શી કરવી? ૨૫ થી વધારે તેમના કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. દુનિયામાં એકેય એવું સામયિક નહી હોય જેમાં ડૉ. ભટ્ટના લેખો, વાર્તાઓ કે કાવ્યો ના છપાયા હોય, મધુકર રાંદેરિયા સંપાદિત ... અરે નહી નહી... આપણા જાણીતા વાર્તાકાર મધુરાય દ્વારા સંપાદિત વાર્તામાસિક ''મમતા''નું પણ ડૉ. ભટ્ટ સંપાદન કરે છે. અકાદમીમાં તેઓ ખુબ મોટા અધિકારી છે. ત્યાંથી બહાર પડતા ''શબ્દસૃષ્ટિ''નું તેઓ છેલ્લા કેટલાય વર્ષોથી સંપાદન કરે છે. તેમનું ''પ્રેમપત્ર'' પુસ્તક ખુબ જ પ્રખ્યાત થયું છે. વિશ્વકક્ષાએ એની નોંધ લેવાઈ છે. અમારી મૈત્રી આજથી ત્રીસેક વર્ષ પહેલા શરું થયેલી. આજે અમારા બન્નેના જીવ એકમેકમાં ભળી ગયા છે. બે ચાર દિવસ હું તેમને ના જોઉ તો મને ચેન પડતું નથી. તેઓ આખી રાત જાગીને સાહિત્યનું સર્જન કરે છે. ઘણી બધી યુનિવર્સિટીઓ અને સ્કૂલોમાં એમના પુસ્તકો, પાઠો, કાવ્યો ભણાવાય છે. આજે ભટ્ટસાહેબ એમની જ્ઞાનમય વાણીથી આપણા સૌનું જીવન ધન્ય કરશે. હું તેમને વિનંતી કરું છું કે તેઓ પોતાના વિશાળ જ્ઞાનનો મીઠો દરિયો આપણી

અનુસંધાન પાના નં. ૭ પર